| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૨/૦૩/૨૦૨૦ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૫૦૪/૨૦૨૦**

### ઇસનપુર પોલીસ સ્ટેશન

**ગુમ થયેલ પંદર વર્ષની બાળકીને ગણતરીના કલાકમા શોધી કાઢી તેના વાલીને સોપતી ઇસનપુર પોલીસ**

આજરોજ તા.૧૧/૦૩/૨૦૨૦ ના રોજ એક ઇસમ નામે પિનાકીનભાઇ કાંતીભાઇ પટેલ રહે,૧૫ સ્વામીનારાયણ સોસાયટી વન્ડર પોઇન્ટ સી.ટી.એમ અમદાવાદ શહેરનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે આવી જાહેરાત કરેલ કે પોતાની સગીરવયની દિકરી ઉ.વ ૧૫ ની આજરોજ ઘરેથી સવારના મણીનગર નેલ્સન સ્કુલ ખાતે ગયેલી અને સ્કુલેથી પરત ઘરે આવેલી નથી જે જાહેરાત આવતા મણીનગર પોલીસ સ્ટેશન ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબને સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જે”ડીવીઝન સાહેબનાઓએ આ બાળકીને શોધવા માટે ઇસનપુર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ તથા “સી” ટીમને પણ બાળકીની તપાસ કરવા માટે જણાવતા પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડનો સ્ટાફ તથા ઇસનપુર પો.સ્ટેશનની “સી” ટીમે સયુક્ત રીતે આ ગુમ થયેલ બાળકીને શોધવાનુ શરૂ કરેલ અને એક શંકાસ્પદ મોબાઇલ નંબર મળતા જે નંબરનો લોકેશન મેળવી આ નંબરવાળા છોકરો નામે કનૈયા પટેલ રહે,વટવા અમદાવાદને શોધી તેને સાથે રાખી ખેડા માતર તરફ તપાસ કરતા હતા અને આ દરમ્યાનમા આ ગુમ થનાર બાળકીનો કનૈયા પટેલના મોબાઇલ ઉપર ફોન આવતા આ ગુમ થનાર બાળકીએ જે નંબર ઉપરથી ફોન કરેલ તે મોબાઇલ નંબરનુ લોકેશન મેળવતા લોકેશન મણીનગર હીરાભાઇ ટાવરની પાસે સેલના પેટ્રોલ પંપની બાજુમા આવેલ પાર્કિંગ પ્લોટનુ લોકેશન આવતા જે લોકેશનવાળી જગ્યાએ જઇ તપાસ કરતા આ બાળકી પાર્કિંગમા બેઠેલ મળી આવતા જેને મણીનગર પોલીસ સ્ટેશન ખાતે લઇ જઇ તેના પિતાજી પિનાકીનભાઇ કાંતીભાઇ પટેલનાઓને બાળકીનો સહી સલામત કબ્જો સોપી પ્રસંશનીય કામગીરી કરેલ છે આ કામગીરી કરવામા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ તથા સ્ટાફ તથા ઇસનપુર પોલીસ સ્ટેશનની “શી”ટીમ સામેલ હતા

**સેટેલાઇટ પોલીસ સ્ટેશન :**

# ચોરી અગર છળકપટથી મેળવેલ મોબાઈલો સાથે એક ઈસમની ધરપકડ કરતી સેટેલાઈટ પોલીસ

નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૭ સાહેબનાઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એન" ડીવીઝન સાહેબનાઓની સુચના મુજબ સેટેલાઈટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલકત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા તેમજ બનતા અટકાવવા સારુ સઘન પ્રયત્ન હાથ ધરી અનડીટેક્ટ ગુનાઓ શોધી કાઢવા તે મુજબની સુચના આધારે **સેટેલાઈટ પોલીસ સ્ટેશન** પોલીસ **ઈન્સપેકટરશ્રી પી.ડી. દરજી**નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના **પો.સબ.ઈન્સ. કે.ડી.રવીયા** નાઓ તથા સાથેના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં બનતા મોબાઈલ ચોરી ગુનાઓ અટકાવવા સઘન પ્રયત્નો તથા ખંત પુર્વક મહેનત કરતા સ્ટાફના લોકરક્ષક મથુરભાઈ બાબુભાઈ તથા લોકરક્ષક જયદિપસિંહ દિલાવરસિંહનાઓને પોતાના ખાનગી બાતમીદારથી મળેલ બાતમી હકીકત આધારે અમદાવાદ શહેર જુદા-જુદા વિસ્તારમાંથી રીક્ષા ભાડે કરી એરપોર્ટ જવાનુ કહી રસ્તામાં પોતાને કંપનીની ફાઈલ લેવાની છે તેમ કહી બીજી જગ્યાએ લઈ જઈ પોતાનો ફોન બંધ થઈ ગયેલ છે તેમ જણાવી રીક્ષાચાલકનો ફોન માંગી લઈ નાસી જાય છે. સદરી આરોપી પોતાના કબજામા કેટલાક મોબાઈલ લઈ સેટેલાઈટ એસ.જી. હાઈવે પાસે આવનાર હોય જે હકીકત આધારે વોચ તપાસમા રહી સદરી ઈસમ પાસેથી જણાવ્યા મુજબના મોબાઈલ કબજે કરી સદરી વિરુધ્ધ સી.આર.પી.સી. ૪૧(૧)(ડી) મુજબની કાયદેસર કાર્યવાહી કરી તપાસ હાથ ધરવામા આવેલ છે.

આરોપી:- જય S/O મનુભાઇ નાનજીભાઇ દુધાત (પટેલ) ઉ.વ.૩૦ ધંધો બેકાર રહે ડી-૧૨૩ રીવેરીયા બ્લુ વોડાફોન હાઉસ ની સામે કોર્પોરેટ રોડ સેટેલાઈટ અમદાવાદ શહેર

**મુદામાલ:**

(૧)વીવો કંપનીનો બ્લુ કલરનો vivo V15 Pro મોડલનો મોબાઇલ ફોન જેનો IMEI નં-860913042578180 નો છે.

(૨) Oppo કંપનીનો મીડ નાઇટ બ્લેક કલર નો A5 2020 મોડલનો જેનો IMEI નં-867212047885895 નો છે.

(3) Vivo કંપનીનો Y15 મોડલનો રેડ બ્લેક કલરનો જેનો IMEI નં-866281048363393 નો છે.

(૪) Samsung કંપનીનો A30s મોડલનો ગ્રે કલરનો જેનો IMEI નં-351713119724782 નો છે.

(૫) Samsung કંપનીનો A50 મોડલનો વાદળી કલરનો જેનો IMEI નં-357193109473573 નો છે.

(૬) Samsung કંપનીનો J7 nxt મોડલનો જેનો IMEI નં-353632091608110 નો છે.

(૭) એક Lenovo કંપનીનુ tab-7 મોડલ ટેબલેટ જેનો IMEI નં-865596037543411 નો છે.

## સદરી આરોપીએ અમદાવાદ શહેરમાં આચરેલ ગુનાઓની હકીકત.

1. જુલાઇ/૨૦૧૯ મા રીક્ષા ચાલકને એરપોર્ટ જવાનુ છે તેમ કહી વિજયચાર રસ્તાથી આશ્રમ રોડ મીઠાખળી પાસપોર્ટ ઓફીસની આસપાસમા રીક્ષામા બેસી આવી રીક્ષા ચાલકનુ લેનોવા કંપનીનુ ટેબ લઈ નાસી ગયેલ.
2. જુલાઇ/૨૦૧૯ માં રીક્ષા ચાલકને એરપોર્ટ જવાનુ છે તેમ કહી સી.જી.રોડ ખાતેથી થોડે દુર જતા રીક્ષા ચાલકનો એમ.આઇ.રેડમી ફોન લઈ નાસી ગયેલ.
3. સપ્ટેમ્બર/૨૦૧૯ મા રીક્ષા ચાલકને એરપોર્ટ જવાનુ છે તેમ સી.જી.રોડ થી બાપુનગર ખાતેથી રીક્ષા ચાલકનો સેમસંગ કંપનીનો લઈ નાસી ગયેલ.
4. સપ્ટેમ્બર/૨૦૧૯ મા રીક્ષા ચાલકને એરપોર્ટ જવાનુ છે તેમ કહી પાલડીથી અંજલી ચાર રસ્તાખાતેથી રીક્ષા ચાલકનો ઇનફિનીક્સ હોટ -૭ પ્રો મોબાઇલ લઈ નાસી ગયેલ.
5. ઓક્ટોમ્બર/૨૦૧૯ માં પ્રહલાદનગરથી પંચવટી સેન્ટર મોલ ખાતેથી રીક્ષા ચાલકનો ઓપો કંપનીનો મોબાઇલ લઈ નાસી ગયેલ.
6. નવેમ્બર/૨૦૧૯ માં બોડકદેવથી માનસી સર્કલ ખાતેથી રીક્ષા ચાલકનો વિવો કંપનીનો મોબાઇલ લઇ નાસી ગયેલ.
7. નવેમ્બર/૨૦૧૯ સાયન્સ સીટીથી અંકુર ચાર રસ્તા ખાતેથી રીક્ષા ચાલકનો સેમસંગ કંપનીનો મોબાઇલ લઇ નાસી ગયેલ.
8. નવેમ્બર/૨૦૧૯ મા પ્રહલાદનગર થી શીવરંજની ખાતેથી રીક્ષા ચાલકનો વિવો વી-૧૫ પ્રો બ્લુ કલરનો કંપનીનો મોબાઇલ લઇ નાસી ગયેલ.
9. ડીસેમ્બર/૨૦૧૯ મા ફેસબુક પર થી એક માર્કેટીંગનુ કામ કરતો ગૌતમ ઠાકોર નાઓનો સંપર્ક કરી વાતોમા રાખી સેંટ્રલ મોલ ખાતે બોલાવી પોતાના મિત્રોને પણ જોબ કરવી હોય તેને મળી જાણ કરુ તેમ કહી સદરી ઈસમનો વિવો કંપનીનો મોબાઇલ ફોન લઈ જતો રહેલ.
10. ડીસેમ્બર/૨૦૧૯ માં પાલડીથી રીક્ષમા બેસી મીઠાખળી પાસપોર્ટ ઓફીસ પાસે રીક્ષા ચાલકનો વિવો કંપનીનો મોબાઇલ લઇ નાસી ગયેલ.
11. ડીસેમ્બર/૨૦૧૯ માં જોધપુર ચાર રસ્તાથી રીક્ષામા બેસી સી.જી.રોડ પંચવટી આગળથી રીક્ષા ચાલક ઓપો કંપનીનો મોબાઇલ લઇ નાસી ગયેલ.
12. ડીસેમ્બર/૨૦૧૯ મા પકવાન ચાર રસ્તાથી રીક્ષામા બેસી પંચવટી સીસીડી આગળથી રીક્ષા ચાલકનો ઓપો કંપનીનો મોબાઇલ લઇ નાસી ગયેલ.
13. જાન્યુઆરી/૨૦૨૦ મા થલતેજ ચાર રસ્તાથી રીક્ષામા બેસી પંચવટીથી સીસીડી આગળથી રીક્ષા ચાલકનો વિવો કંપનીનો મોબાઇલ લઇ નાસી ગયેલ.

14. જાન્યુઆરી/૨૦૨૦ મા અંજલી ચાર રસ્તાથી રીક્ષામા શીવરંજની ચાર રસ્તા ખાતેથી રીક્ષા ચાલકનો વિવો કંપનીનો મોબાઇલ લઇ નાસી ગયેલ.
15. જાન્યુઆરી/૨૦૨૦ મા ઇસ્કોન ચાર રસ્તાથી રીક્ષામા બેસી શિવરંજની ખાતેથી રીક્ષા ચાલકનો સેમસંગ કંપનીનો મોબાઇલ લઇ નાસી ગયેલ.
16. જાન્યુઆરી/૨૦૨૦ મા ઇસ્કોન ચાર રસ્તા રીક્ષામા બેસી પ્રહલાદનગર ગાર્ડનની સામેથી ચાલકનો ઓપો કંપનીનો મોબાઇલ લઇ નાસી ગયેલ.
17. ફેબ્રુઆરી/૨૦૨૦ મા પ્રહલાદનગરથી રીક્ષામા બેસી માનસી સર્કલ ખાતેથી રીક્ષા ચાલકનો ઓપો કંપનીનો મોબાઇલ લઇ નાસી ગયેલ.
18. ફેબ્રુઆરી/૨૦૨૦ મા ગુરૂકુળ મેમનગરથી રીક્ષામા બેસી શીવરંજની ચાર રસ્તા ખાતેથી રીક્ષા ચાલકનો સેમસંગ કંપનીનો મોબાઇલ લઇ નાસી ગયેલ.
19. ફેબ્રુઆરી/૨૦૨૦ મા મેમનગરથી રીક્ષામા બેસી અંકુર ચાર રસ્તા ખાતેથી રીક્ષા ચાલકનો સેમસંગ કંપનીનો મોબાઇલ લઇ નાસી ગયેલ.
20. ફેબ્રુઆરી/૨૦૨૦ મા આનંદનગર ગોપી રેસ્ટોરંન્ટથી રીક્ષામા બેસી શ્યામલ પહેલા સચીન ટાવર પાસેથી રીક્ષા ચાલક્નો સેમસંગ કંપનીનો મોબાઇલ લઇ નાસી ગયેલ.
21. ફેબ્રુઆરી/૨૦૨૦ મા એલ.ડી.કોલેજથી રીક્ષામા બેસી સી.જી.રોડ પંચવટી પાસેથી રીક્ષા ચાલકનો ઓપો કંપનીનો મોબાઇલ લઇ નાસી ગયેલ.
22. ફેબ્રુઆરી/૨૦૨૦ મા સી.જી.રોડ સ્વસ્તીક ચાર રસ્તાથી રીક્ષામા બેસી ગીરીસ કોલ્ડ્રીક્સ ખાતેથી રીક્ષા ચાલકનો ઓપો કંપનીનો મોબાઇલ લઇ નાસી ગયેલ.
23. ફેબ્રુઆરી/૨૦૨૦ નહેરૂનગર થી એક રીક્ષામા બેસી માનસી સર્કલ સત્યમ મોલની સામેથી રીક્ષા ચાલકનો રેડ મી નોટ -૭ પ્રો મોબાઇલ લઇ નાસી ગયેલ.
24. માર્ચ/૨૦૨૦ મા રીલીફ રોડથી રીક્ષામા બેસી મીઠાખળી ખાતે પાસપોર્ટ ઓફીસ પાસેથી રીક્ષા ચાલકનો વીવો વાય-૧૫ કંપનીનો મોબાઇલ લઇ નાસી ગયેલ.
25. માર્ચ/૨૦૨૦ માં પાલડી ચાર રસ્તા કોચરબ આશ્રમ પાસેથી રીક્ષામા બેસી ગીરીશ કોલ્ડ્રીક્સ ખાતેથી રીક્ષા ચાલકનો સેમસંગ કંપનીનો મોબાઇલ એ-૫૦ મોડલનો લઇ નાસી ગયેલ.
26. માર્ચ/૨૦૨૦ મા થોડા દિવસ પહેલા અંકુર ચાર રસ્તાથી રીક્ષામા બેસી મેમનગર ગુરૂકુળ રોડથી રીક્ષા ચાલકનો વિવો કંપનીનો મોબાઇલ લઇ નાસી ગયેલ.
27. જુલાઇ/૨૦૧૯ મા રીક્ષામા બેસી ચાલકને એરપોર્ટ જવાનુ છે તેમ કહી એક એમ.આઇ.રેડમી કાળા કલરનો મોબાઇલ લઈ જતો રહેલ હોવાની કબુલાત કરેલ છે. .
28. ઓક્ટોમ્બર/૨૦૧૯ મા બે રીક્ષા ચાલકો પાસેથી સેમસંગ કંપનીના બે મોબાઇલ લઇ જતો રહેલ હોવાની કબુલાત કરેલ છે.
29. ડીસેમ્બર/૨૦૧૯ મા એક રીક્ષા મા બેસી એરપોર્ટ જવાનુ કહી રીક્ષા ચાલકનો ફોન વિવો કંપનીનો મોબાઇલ લઇ જતો રહેલ હોવાની કબુલાત કરેલ છે.

30. ડીસેમ્બર/૨૦૧૯ મા મને જગ્યા યાદ નથી એક રીક્ષામા બેસી રીક્ષા ચાલકનો સેમસંગ કંપનીનો મોબાઇલ લઇ લઇ જતો રહેલ હોવાની કબુલાત કરેલ છે.
31. ડીસેમ્બર/૨૦૧૯ મા રીક્ષા બે ચાલકોના સેમસંગ કંપનીના બે મો.ફોન લઇ લઇ જતો રહેલ હોવાની કબુલાત કરેલ છે.

કામગીરી કરનાર ટીમ:- પોલીસ. સબ. ઈન્સ. કે.ડી.રવિયા તથા હે.કો. રાઘવદાન ખેતદાન તથા હે.કો. નિતીનભાઈ સીતારામ બ નં-૯૫૮૮તથા પો.કો. મેહુલકુમાર હસમુખભાઇ તથા પો.કો. સિધ્ધરાજસિંહ બળદેવસિંહ તથા પો.કો નાગરાજભાઈ લાખાભાઈ તથા લોકરક્ષક મથુરભાઈ બાબુભાઈ તથા લોકરક્ષક જયદિપસિંહ દિલાવરસિંહ તથા લોકરક્ષક પરેશભાઈ નારાયણભાઈ તથા લોકરક્ષક રમેશભાઇ ભુપતભાઇ તથા લોકરક્ષક મહેંદ્રસિંહ ભરતસિંહ



**વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન :**

# બળાત્કાર તથા લુટના ગુનાના આરોપીને ગણતરીના કલાકોમા પકડી પાડતી વસ્ત્રાપુર પોલીસ

વસ્ત્રાપુર પો.સ્ટે. એ.પાર્ટ ગુ.ર.નં-11191202000233 ઈપી.કો. 376,**307,394,342** મુજબના આરોપીએ તા-06/03/2020 ના ક.14/00 વાગ્યે ફરીયાદી બહેનને વસ્ત્રાપુર ગુરુકુળ કડીયા નાકે થી સાફ સફાઈ કરવાના બહાને જાનકી એપાર્ટમેંટ સામે આવેલ રાજીવ આવાસ યોજનાના મકાનમા લઈ ગયેલ અને ત્યા મકાન બંધ કરી ફરીયાદીનુ મોઢુ દબાવી બળાત્કાર કરી ઈજાઓ કરી ફરીયાદી એ પહેરેલા સોનાના દાગીનાની લુટ કરી ભાગી ગયેલ હોય જે ગુના સંબંધે પોલીસ કમીશ્નર શ્રી આશીષ ભાટીયા સાહેબ તથા મે.સંયુક્તપો.કમિ.શ્રી, સેકટર-૧ અમીત વિશ્વકર્મા સાહેબ તથા ના.પો.કમિ.શ્રી,ઝોન-૧ શ્રી પી.એલ.માલ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી, "એ" ડીવીઝન શ્રી એમ.એ.પટેલ સાહેબ નાઓએ ઉપરોક્ત ગુનાનો આરોપી શોધી કાઢવા જરૂરી માર્ગદર્શન આપેલ જે માર્ગદર્શન આધારે પો.ઈન્સ. એમ.એમ.જાડેજા સાહેબ નાઓએ અલગ અલગ ટીમો બનાવી સી.સી.ટી,વી. ફુટેજ તપાસી તેમજ આરોપી ભોગ બનનારને એ.એમ.ટી.એસ.મા લઈને ગયેલો હોય જેથી તે વિસ્તારની તમામ એમ.ટી.એસ. બસોની તપાસ કરવામા આવેલ તેમજ આરોપી ક્રાઈમ કરી બીજા રાજ્યમા ભાગી જવાની શક્યતા હોય અલગ અલગ રેલ્વે સ્ટેશનમા જઈ રેલ્વેમા તપાસ કરેલ તેમજ અમદાવાદ શહેરના બસ સ્ટેશન ચેક કરેલ આ દરમ્યાન વસ્ત્રાપુર પો.સ્ટે પો.ઈન્સ.શ્રી એમ.એમ. જાડેજા તથા પો.સ.ઇ.એમ.બી. જાડેજા તથા ડી સ્ટાફના માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન અ.હે.કો. ઘનશ્યામસિંહ મહેન્દ્રસિંહ તથા પો.કો.ગોવિંદભાઈ નરસિંભાઈ તથા લો.ર.વિશ્વરાજસિંહ હરદેવસિંહ તથા લો.ર.લાલજીભાઈ ચકાભાઈ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે બનાવ બનેલના ગણતરીના કલાકોમા **આરોપી** પકડી પાડી ગુનો ડીટેક્ટ કરી ખુબ જ સારી કામગીરી કરવમા આવેલ છે

**કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ:**

પો.સ.ઇ.શ્રી એમ.બી.જાડેજા તથા મ.સ.ઈ.ભારતભાઈ દાનુભાઈ તથા મ.સ.ઈ. જહાંગીરખાનતથા હેકો.ઘનશ્યામસિંહ મહેંદ્રસિંહ તથા હે.કો.બાબુભાઇ સરતાનભાઇ હે.કો.સગરામભાઈ ખોડાભાઈ હે.કો.જાહીદખાન ઈસ્માઈલખાન પોકો. સંજયભાઈ કાનજીભાઈ તથા પો.કો. યશપાલસિંહ જોરૂભા પો.કો. જીતેંન્દ્રભાઈ જીવાભાઈ તથા પો.કો. જયંતીભાઈ વિરમભાઈ તથા પો.કો.ગોવિંદભાઈ નરસિંભાઈ તથા લો.ર. વિશ્વરાજસિંહ હરદેવસિહ તથા લો.ર.લાલજીભાઈ ચકાભાઈ

# પાસા અટકાયતની વિગત

**મેઘાણીનગર :**

## મિલ્કત સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “જી” ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર ડી.જે.ચુડાસમા નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં મિલ્કત સબંધીના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે વિનોદ ઉર્ફે મેડી કેશાભાઈ પુજાભાઈ જાતે સોલંકી ઉ.વ.૨૬ રહે.ભીલવાસ પાણીની ટાંકીની પાછળ, સરદારનગર,અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધમાં રાણીપ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૬૮/૧૮ ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબ તથા મેઘાણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૧૧/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯એ(૩), ૧૧૪ મુજબ તથા ઓઢવ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૭૯/૧૯ ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૬૦/૨૦૨૦ તા.૧૧/૦૩/૨૦૨૦ થી પાસા અટકાયત તરીકે “લાજપોર જેલ સુરત” ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી અટકાયતી ઈસમની આજરોજ તા.૧૧/૦૩/૨૦૨૦ ના કલાક ૧૯/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે “લાજપોર જેલ સુરત” ખાતે મોકલી આપેલ છે.



## કૃષ્ણનગર :

# આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાસા નંબર-૦૬/૨૦૨૦

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ નં.(૧).કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૦૦૩૮/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ મુજબ (૨).કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૦૦૬૭/૨૦૨૦ ઇપીકો કલમ ૩૨૪,૪૨૭ મુજબના વાહન ચોરી તથા શરીર સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૨૬૧/૨૦૨૦ તા.૧૩/૦૨/૨૦૨૦ ના હુકમ આધારે તા.૧૧/૦૩/૨૦૨૦ ના કલાકઃ૨૧/૫૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૧૧/૦૩/૨૦૨૦

**આરોપીનું નામ :-** શ્રી કમલેશ ઉર્ફે રીંકુ મુળચંદભાઇ સિકરવાર ઉ.વ.૨૮ રહે.સી/૫,ભગીરથ ઇન્ટરસીટી બાપાસીતારામ ચોક નવા નરોડા અમદાવાદ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.સ.ઇ. શ્રી વી.એમ.ગોહિલ પો.ઇ. પર્સનલ એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.હે.કો. શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.હે.કો. હરદીપસિંહ બલભદ્રસિંહ બ.નં.૮૯૨૮ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦

**આરોપીનો ફોટો**



## ગુના નિવારણ શાખાઃ

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૧૧.૦૩.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધી, શરીર સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તાર મા અગઉના ઝઘડાની અદાવત રાખી મરણજનારને સારવાર સારુ હોસ્પીટલમા લાવતા પોતાના સાગરિતો સાથે મળી એક સંપ થઈ ગે.કા.મંડળી રચી પોતનો સામાન્ય ઈરાદો પાર પાડવા સારુ પ્રાણઘાતક હથિયાર સાથે હોસ્પીટલમા આવી મરણજનાર ને શરીરે ગંભીર ઈજાઓ કરનાર અને પોલીસ કર્મચારીને ગે.કા.અટકાયત કરી મુઢ ઈજાઓ કરનાર અને માથાભારે અને ઝનુની સ્વભાવના ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે વસીમખાન અમનઉલ્લાખાન પઠાણ રહેવાસી- મ.ન.૧૬૧ જનતાનગર જશનગરની રામોલ અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | વસીમખાન અમનઉલ્લાખાન પઠાણ રહેવાસી- મ.ન.૧૬૧ જનતાનગર જશનગરની રામોલ અમદાવાદ |

- આ ઉપરાંત શરીરસબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૧ ઇસમ મળી કુલ્લે ૪ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી તેઓને રાજકોટ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.